# ટ્રાફીકને લગતા નિયમો અને પોલીસ કાર્યવાહી

-- ટ્રાફીક નિયમન માટે પોલીસને કામગીરીના પરિપ્રેક્ષમાં જાહેર જનતાએ પણ નીચેની જાણકારી રાખવી જોઇએ.

- વાહનના રજીસ્ટ્રેશનના કાગળો સાથે રાખવા.
- ડ્રાયવીંગ લાયસન્સ અવસ્ય સાથે રાખવું.
- પુર જડપે વાહન ચલાવવું નહી.
- પ્રદુષણ પેદા કરે તેવા વાહન ચલાવવા નહી.
- વાહનમાં ડાર્ક ફિલ્મ લગાડવી નહી.
- વાહન પાછળ રેડિયમ પટ્ટી તથા રિફ્લેક્ટર લગાડવા તેમજ વધારાની લાઇટ લગાડવી નહી.
- વાહનની જમણી બાજુની લાઇટમાં પીળો પટ્ટો કરવો.
- રાત્રીના સમયે ડીપરનો ઉપયોગ કરવો.
- વિવિધ પ્રકારના તથા મ્યુઝીકલ હોર્નનો ઉપયોગ કરવો નહી.
- નિયત કરેલા સ્થાને, અડચણ ન કરે તેમ વાહન પાર્ક કરવું.
- ટ્રાફીક સિગ્નલનો ભંગ ન કરવો.
- ભયનજક રીતે ઓવર ટેઇક ન કરવો.
- નશીલી વસ્તુનું સેવન કરી વાહન ચલાવવુ નહી.
- માલ વાહક વાહનમાં મુસાફરોની હેર ફેર ન કરવી.
- અકસ્માત સમયે ધાયલને હોસ્પિટલમાં લઇ જવાની જવાવદારી સરકારી અને બિન સરકારી વાહન ચાલકની છે અને નજીકના પોલીસ સ્ટેશનમાં ખબર આપવી.
- ટ્રાફીક પ્રશ્ને સ્થળ પર જ દંડ કરી નિકાલ.
- બનતી ત્વરાએ અડચણ દુર કરવી.
- ફેન્સી નંબર પ્લેટ માન્ય ગણાશે નહી.આર.ટી.ઓ.ના નિયમોનુસારની જ નંબર પ્લેટ રાખવી.
- કોઇપણ ખાનગી વાહનો ઉપર 'પી','પોલીસ', કે 'સરકારી અમલદાર ની ગાડી હોવાનો ભાસ થાય તેવુ અનધિકૃત કોઇજ લખાણ કે નિશાન લખાશે નહી.
- હેલ્મેટનો અવસ્ય ઉપયોગ કરવો.

- **ટ્રાફીક ફરજ ઉપરના અમલદારે ગણવેશ, નેમપ્લેટ, બક્કલ નંબર અવશ્ય લગાવવાના રહે છે.ફરજ ઉપર હોય તોજ દંડ કરી શકશે.દંડની પાવતી બુક તથા દંડની રકમનું લીસ્ટ પાસે રાખશે અને દંડની પાવતી વગર દંડ વસુલી શકશે નહિ.**

**<u>ખાસ નોંધ ઈ</u>- ટ્રાફીકને લગતા કયા ગુના માટે કેટલી રકમ નો દંડ (માંડવાળ શુલ્ક) થાય તે જાણવાનો નાગરિક અધિકાર છે. પાવતી વગર ટ્રાફીક પોલીસને કોઇ રકમ આપવી નહી. લાંચ લેવી અને આપવી તે ફોજદારી ગુનો છે.**